પેથાપુરમાં દરવાજાનો નકુચો તોડી ૨.૧૭ લાખની ઘરફોડ

તિજોરીમાંથી ૨.૦૭ લાખ રોકડા તથા ચાંદીના દાગીના ઉઠાવી તસ્કરો પલાયન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામની સ્વપ્ન વિલા સોસાયટીના બંધ મકાનમાં તસ્કરોએ ખાતર પાડયું હતું. મુખ્ય દરવાજાનો નકુચો તોડીને ઘુસેલા ઘરફોડીયાઓ તિજોરી ફેંદીને તેમાંથી રોકડ રૂ. ૨.૦૭ લાખ તથા ચાંદીના દાગીના મળીને રૂ. ૨.૧૭ લાખની મત્તા ઉપાડી ફરાર થઈ ગયા હતાં. પેથાપુર પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ડૉગ સ્કવૉર્ડ અને ફિંગર પ્રીન્ટ નિષ્ણાંતની ટીમ બોલાવી સઘન તપાસ શરુ કરી છે.

ગાંધીનગર પાસે આવેલા પેથાપુર ગામમાં સ્થિત સ્વપ્ન વિલા સોસાયટી વિભાગ-૧, મકાન નં. એ-૨ માં રહેતા કરણસિંહ ખોડાજી ચાવડા ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ૨જી નવેમ્બરના રોજ તેઓ પરિવાર સાથે સંબંધીને ત્યાં ખબર અંતર પુછવા ગયા હતાં. ગઈ મોડી સાંજે તેઓ ઘરે પહોંચ્યા તો મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં પડયો હતો. મકાન બંધ હતું તે સમયગાળા દરમિયાન તસ્કરો નિશાન બનાવી ગયા હતા અને તિજોરીમાંથી રોકડ રૂ. ૨,૦૭,૦૦૦ રોકડા તથા ચાંદીના દાગીના મળીને રૂ. ૨.૧૭ લાખની મત્તા ઉઠાવી પલાયન થઈ ગયા હતાં. કરણસિંહની ફરીયાદને આધારે પેથાપુર પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસનો દોર શરુ કર્યો છે.

ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજના પ્રમુખ દિલીપભાઈ બ્રહ્મભટ્ટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બારોટ સમાજના ધોરણ ૧ થી ૧૨ અને સ્નાતક, અનુસ્નાતક કક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

બ્રહ્મભટ્ટ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારંભમાં ધો. ૧ થી ૯ અને ૧૦ થી ૧૨ તથા ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીની ડીગ્રી મેળવી હોય તેવા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે આઈ.પી.એસ. આર. બી. બ્રહ્મભટ્ટ, શિક્ષણ વિભાગના સંયુક્ત સચિવ કીર્તિદાબેન બ્રહ્મભટ્ટ તથા રાજ્ય ચૂંટણી પંચના સંયુક્ત સચિવ વાય.એન. બારોટ સહિત અન્ય અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ આ પ્રસંગે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી નવાજ્યા હતા.

શ્રીમાળી સોની ઓફિસર્સ એસોસિએશનની બેઠક સંપન્ન

ગાંધીનગર, તા.૫

ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અને લોકાયુકત તરીકે સેવાઓ આપનાર જસ્ટીસ એસ.એમ. સોનીના અધ્યક્ષસ્થાને તાજેતરમાં ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળના સહકારથી ગાંધીનગરની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા શિક્ષિત, સફળ અને અનુભવી શ્રીમાળી સોની સમાજના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓનો સમાજના સર્વાંગી ઉત્થાનમાં કેવી રીતે સહભાગી થઈ શકે ? તે અંગે વિચારણા કરવા અને આ માટે શ્રીમાળી સોની ઓફિસર્સ એસોસિએશનની રચના કરવા અંગે બેઠક યોજાઈ હતી.

એસોસિએશનના બંધારણમાં પ્રથમ સંચાલક મંડળના હોદ્દેદારોમાં મુખ્ય નિયામક અને કોઓર્ડીનેટર તરીકે સેકશન અધિકારી મહેન્દ્રભાઈ સોની ઉપરાંત અધિક નિયામક તરીકે નાયબ સચિવ નરેશભાઈ ઝીંઝુવાડીયા અને ખજાનચી તરીકે પ્રિન્સીપાલ આઈ.ટી.આઈ. ચૂડા આઈ.જી. સોનીની વરણી કરવામાં આવી હતી.

આર.એચ. પટેલ બી.એડ. કોલેજમાં ઓન લાઈન વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલી આર.એચ. પટેલ અંગ્રેજી માધ્યમની બી.એડ. કોલેજમાં તાજેતરમાં પ્રોજેક્ટ બેઈઝડ લર્નિંગ વિષય પર ઓન લાઈન વર્કશોપ યોજાયો હતો.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન અને ઈન્ટેલ સાથે થયેલા એમ.ઓ.યુ. અંતર્ગત પ્રોજેક્ટ બેઈઝડ લર્નિંગ વિષય પર ઓન લાઈન વર્કશોપ યોજાયો હતો. ઈન્ટરનેટના રિસોર્સ પર્સન એવા આધા ચેરી દ્વારા હૈદ્રાબાદથી ગાંધીનગરના આર.એચ. પટેલ અંગ્રેજી માધ્યમના એમ.એડ. કોલેજ અને એસ.એસ. પટેલ બી.એડ. કોલેજના તમામ પ્રશિક્ષણાર્થીઓ તથા ફેકલ્ટી મેમ્બર્સ સાથે ઓન લાઈન વર્કશોપ યોજાયો હતો. જેમાં પ્રોજેક્ટ બેઈઝ્ડ લર્નિંગના વિવિધ પાસાઓ, તેની વિદ્યાર્થિનીઓ, વિદ્યાર્થીઓ સાથે સીધી ચર્ચા તથા તે સંદર્ભે વિવિધ પ્રશ્નોત્તરી યોજાઈ હતી. કાર્યક્રમમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

રાજપૂત સમાજ સે. ૨૬ દ્વારા વિદ્યારત્ન સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬માં વસતા રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. રાજપૂત સમાજના પ્રમુખ જુજારસિંહ ચાવડાના જણાવ્યા મુજબ ૩૧મી ઓક્ટોબરના રોજ સેક્ટર-૨૭ ખાતે રાજપૂત સમાજના તેજસ્વી સંતાનોને સન્માનવાનો સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મેહમાન તરીકે દેવેન્દ્રસિંહ ચાવડા, ડૉ. પ્રિતીબા ચંપાવતે ખાસ હાજરી આપી હતી. વિદ્યાર્થીઓને અપાયેલા ઈનામો અને અલ્પાહારના દાતા તરીકે અનુક્રમે હરિસિંહ ચાવડા અને વિક્રમસિંહ ચાવડાએ વિત્તદાન કર્યુ હતું. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન સમાજના પ્રમુખ જુજારસિંહ ચાવડાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રસિંહ રાઠોડે કર્યુંહતું.

પખવાડિયા પહેલા દાઝી ગયેલા બોરીજ ગામના યુવાનનું મૃત્યુ

કાચી દિવાલ પરથી દિવો પડતા યુવાન દાઝી ગયો હતો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરને અડીને આવેલા બોરીજ ગામમાં રહેતો ૩૫ વર્ષીય યુવાન પોતાના છાપરામાં સુઈ રહ્યો હતો તે દરમિયાન છાપરાની કાચી દિવાલ પર મુકેલો દિવડો તેની પર પડયો હતો. પખવાડીયા અગાઉ બનેલી આ ઘટનમાં દાઝી ગયેલા યુવાનનું આજે બપોરે કરૂણ મૃત્યુ નિપજયું છે. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. માટે મોકલીને તપાસ આરંભી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર બોરીજ ગામનો યુવાન બાદરજી રમણજી વણજારા (ઉ.વ.૩૫) ૨૧મી ઓકટોબરના રોજ રાત્રે પોતાના છાપરામાં સુઈ ગયો હતો ત્યારે છાપરાની કાચી દિવાલ પર મુકેલો દીવો તેના પર પડતા યુવાન ગંભીર રીતે દાઝી ગયો હતો. આજુબાજુના લોકો મારફતે ૧૦૮ દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે યુવાનને અમદાવાદ હોસ્પિટલ ખાતે મોકલી અપાયો હતો. યુવાનને બે દિવસ અગાઉ રજા આપવામાં આવી હતી. આજે બપોરે આ યુવાનનું પોતાના ઘરે જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. બનાવની જાણ સે-૨૧ પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી. મૃતદેહને પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલ ખાતે મોકલી સે-૨૧ પોલીસે વધુ તપાસ આરંભી છે.

ગણિતનું પેપર સરળ : ચાર ગુણના પ્રશ્નો ટવીસ્ટ કરી પૂછયા

જિલ્લામાંથી ૩૩૬૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, ૬ ગેરહાજર

ગાંધીનગર, તા.૫

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ સેમેસ્ટરની પરીક્ષામાં આજે પ્રારંભે ગણિતનું પ્રશ્નપત્ર સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. પ્રશ્નપત્રમાં ચાર-પાંચ ગુણના પ્રશ્નો ટવીસ્ટ કરીને પૂછાયા હતા. પરંતુ વિદ્યાર્થીઓ સ્કોર કરી શકે તેવું ઈઝી પેપર હોવાનું વિષય તજજ્ઞોએ જણાવ્યું છે.

નવરાત બાદ શરુ થયેલી પરીક્ષાની મૌસમ દરમિયાન ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના તૃતીય સેમેસ્ટરની પરીક્ષાના અંતે આજથી ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે લેવાયેલી ગણિતની પરીક્ષાના બંને વિદ્યાર્થીઓ ખુશમિજાજ જોવા મળ્યા હતા. જિલ્લામાંથી ૩૩૭૪ પૈકી ૩૩૬૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૬ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. ઈન્ફોસિટિ જુનિયર સાયન્સ કોલેજના ગણિત વિષયના નિષ્ણાંત સેજલ પટેલે જણાવ્યું હતું કે ગણિતનું પ્રશ્નપત્ર ટેક્ષબુક આધારિત અને સરળ હતું. પ્રશ્નપત્રમાં માત્ર ચારથી પાંચ ગુણના પ્રશ્નો ટવીસ્ટ કરીને પુછાયા હતા. અમુક દાખલાની રકમ માત્ર બદલવામાં આવી હતી. અલબત્ત પ્રશ્નપત્ર સરળ હોવાથી વિદ્યાર્થીઓ સ્કોર કરી શકશે. પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયો નથી તેમ પણ શિક્ષણતંત્રએ જણાવ્યું હતું.

કડી પી.ટી.સી. કોલેજમાં સરદાર જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એસ.વી. પી.ટી.સી. કોલેજ કડીમાં તાજેતરમાં સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિ અને ઈન્દિરા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે વિશિષ્ટ વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કડી પી.ટી.સી. કોલેજમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૩મી જન્મ જયંતિ નિમિત્તે કોલેજના આચાર્ય ડૉ. બાબુભાઈ પટેલે સરદાર વલ્લભભાઈના જીવન મૂલ્યોને રજૂ કર્યા હતા તથા ઈન્દિરા ગાંધીના ૨૮મા નિર્વાણદિન નિમિત્તે પણ તેમના જીવનના આદર્શો, વિશિષ્ટતાઓને ઉત્તમ શૈલીમાં રજૂ કરી હતી. અધ્યાપક મહેન્દ્રભાઈ અને અજૂનભાઈએ બન્નેના જીવનકવન વિશે માહિતી આપી હતી.

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસો.નો દસમો ઈનામ વિતરણ કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા.૫

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશનનો દસમો ઈનામ વિતરણ સમારોહ તાજેતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનમાં યોજાયો હતો.

ઈનામ વિતરણ સમારોહમાં ૫૫ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉચ્ચ અભ્યાસક્રમના ૨૨ અને અન્ય અભ્યાસક્રમના ૨૮ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓને આ પ્રસંગે મહેમાનોના હસ્તે સન્માનીત કરવામાં આવ્યા હતાં.

સમારોહમાં પ્રમુખ સ્થથાને કે.ડી.મેમણ, મુખ્ય મહેમાન પદે ડૉ. મુકુન્દ મહેતા અને અતિથિ વિશેષ પદે આયેશાબેન પટેલ, હિદાયતુલ્લા સૈયદ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધો-૧૦ અને ૧૨માં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીની મમ્મીનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

સરઢવ અને વાવોલ ગામમાં દરોડા : દારૂનો જથ્થો જપ્ત

રૂ. ૩૭,૫૦૦નો દારૂ બન્ને સ્થળોએથી કબ્જે લઈ બે શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સરઢવ અને વાવોલ બન્ને ગામોમાં મકાનમાં દારૂ વેચાઈ રહ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી. જેને આધારે બન્ને સ્થળોએ દરોડા પાડી રૂ. ૩૭,૫૦૦ની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડી વોવાલ અને સરઢવના બુટલેગરોની પોલીસે ધરપકડ કરી લીધી છે. પેથાપુર અને સે. ૭ પોલીસે આ બન્ને અલગ અલગ ગુના સંદર્ભે વધુ તપાસ આરંભી છે.

પેથાપુર પોલીસમથકના પી.એસ.આઈ. એચ. આર. કુવાડીયાને બાતમી મળી હતી કે સરઢવ ગામના એક મકાનમાં વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે જેને આધારે પોલીસે દરોડો પાડી અંબીકા સોસાયટીમાંથી ધર્મેશ ઉર્ફે કેતન પટેલની ધરપકડ કરી લઈ ૭૨ નંગ વિદેશી દારૂની બોટલો કિં. રૂ. ૨૫,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ સે. ૭ પોલીસમથકના કોન્સ્ટેબલ કેતનસિંહને મળેલી બાતમીને આધારે તેમની ટીમે વાવોલ ગામમાં સેન્ટ્રલબેંકની બાજુના મકાનમાં દરોડો પાડી તલાશી લીધી હતી. મકાનમાંથી વિવિધ બ્રાન્ડની ૨૫ નંગ વિદેશી દારૂની બોટલો મળી રૂ. ૧૨,૩૦૦નો દારૂ કબ્જે લઈ આરોપી ભાવેશ પુનમભાઈ પ્રજાપતિની ધરપકડ શરૂ કરી છે. બન્ને સ્થળોએ મકાનમાં દરોડા પાડી પોલીસે બે બુટલેગરોની ધરપકડ કરીને રૂ. ૩૭,૫૦૦નો દારૂ જપ્ત કર્યો છે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના મુખપત્ર 'પેન્શનર પ્રદાન'ના દિપાવલી વિશેષાંકનું રવિવારે સાંજે વિમોચન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

આચારસંહિતાનું ઉલ્લંઘન થાય તેવા એસએમએસ પર બાજ નજર

જિલ્લા પોલીસના બે અધિકારીની નોડલ ઓફીસર તરીકે નિમણુંક

ગાંધીનગર, તા. ૫

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૨ અનુસંધાને શોર્ટ મેસેજ સર્વિસીસ (એસએમએસ)નો દુર ઉપયોગ અટકાવવા અંગે, ચૂંટણી કમિશનરના આદેશ મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણી-૨૦૧૨ અન્વયે હાલ આચારસંહિતા અમલમાં હોવાથી આ આચારસંહિતા સમયગાળા દરમ્યાન ગુજરાત રાજ્યના કોઈ પણ નાગરીકને રાજકીય પ્રકારના ઓબ્જેક્શનેબલ એસ.એમ.એસ કે જેમાં ચૂંટણીના કાયદા મોડલ કોર્ડ ઓફ કન્ડક્ટ અને આ સંદર્ભમાં ચૂંટણી કમિશનરની માર્ગદર્શન/સુચનાનું ઉલ્લંઘન થતુ હોય તેવા એસએમએસ મોકલનારના મોબાઈલ નંબર સાથે પોલીસ વિભાગના મોબાઈલ નંબરો (૧) ૮૫૧૧૫૦૧૭૦૦ (૨) ૯૭૨૩૦૧૬૯૦૦ (૩) ૯૯૭૮૪૦૫૩૯૬ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા મોકલી આપવા જણાવાયું છે.

ગાંધીનગર જિલ્લાના નોડલ અધિકારી તરીકે ડી.એસ. પટેલ નાયબ પોલીસ અધિક્ષક મુખ્ય મથક તથા પો.સ.ઈ. પી.સી. વલેરાની નિમણુંક કરી છે. જરૂર જણાય તેઓના ફોન નંબર ૯૯૭૮૪૦૬૦૬૩ તથા ૯૮૨૪૦૩૭૩૮૨ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના સલીલ યાદવની રણજીત ટ્રોફી ટીમમાં પસંદગી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સેક્ટર-૮ના ઉપપ્રમુખ ગીરીશભાઈ યાદવના પુત્ર સલીલ ગીરીશચંદ્ર યાદવની ચાલુ વર્ષમાં ગુજરાત રણજીત ટ્રોફી ટીમમાં પસંદગી થઈ છે. સલીલ યાદવ ચાલુ વર્ષે એકમાત્ર ક્રિકેટર છે જેમની નિમણૂંક ગાંધીનગરમાંથી કરવામાંઆવી છે. વસાહત મંડળ સેક્ટર-૮-એતેમની નિમણૂંકને આવકારી છે અને રમતમાં સારો દેખાવ કરીને સેક્ટર-૮ તથા ગાંધીનગરનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી છે.

સલીલ યાદવ ગાંધીનગરના એક માત્ર ખેલાડી છે જેઓ સતત ત્રણ વર્ષથી ગુજરાતની રણજીત ટ્રોફી ટીમમાં પસંદગી પામ્યા છે. અને સૌથી વધુ રણજીત ટ્રોફી મેચ રમનાર પ્રથમ ગાંધીનગરનાં ખેલાડી બન્યા છે. તેમને ક્રિકેટ કાળ દરમિયાન મયૂર પટેલ તથા સમન્વય પરીખ તરફથી સતત માર્ગદર્શન મળ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૬.૦૧

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦-ઈવીલ રીર્ટન : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫.૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૧.૧૫
ઓહ! માય ગોડ : ૨.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૩૦
અજબ ગજબ લવ : ૭.૧૫
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૧૫
અતા પતા લાપતા : ૧૨.૩૦
સન ઓફ રામ : ૫.૩૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્કાયફોલ : ૮.૧૫, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
૧૯૨૦-ઈવીલ રીર્ટન : ૯.૦૦, ૨.૦૦, ૭.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૧૫
લવ સવ તેય ચીકન ખુરાના : ૪.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ખુરાના : ૯.૦૦, ૧૧.૩૦, ૭.૩૦
ઓહ માય ગૉડ : ૨.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૪૫
૧૯૨૦-ઈવીલ રીર્ટન : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

૧૯૨૦-ઈવીલ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦-ઈવીલ રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૦૦
અજબ ગજબ લવ : ૨.૦૦
રશ : ૭.૩૦

ચિરાગ, કલોલ

હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

વૃષભ : સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. આરોગ્યલક્ષી આહાર લેવો.

મિથુન : લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

કર્ક : વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

સિંહ : વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે.

કન્યા : વ્યાપાર મધ્યમ રહશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

વૃશ્ચિક : વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

ધન : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે.

મકર : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

કુંભ : નવા સંબંધો બંધાશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

મીન : આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. હિરાબા ભુલાજી ડાભી(ઉ. વ. ૮૦) મુ.પો. પેથાપુર તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નંદિતાબેન સુરેશકુમાર પટેલ (ઉ. વ. ૩૫) મુ.પો. રાણીયાપુર તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. બાદલજી રમણજી વણઝારા (ઉ. વ. ૩૫) મુ.પો. બોરીઝ તા., જિ. ગાંધીનગર.